# જીજ્ઞેશ મેવાણી
ધારાસભ્ય, ૧૧-વડગામ

**JIGNESH MEVANI**
**MLA, 11-VADGAM**

विधानसभा
सत्यमेव जयते
गुजरात

મણિભદ્ર કોમ્પલેક્ષ,
રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં,
કોલેજ રોડ, વડગામ,
જી.: બનાસકાંઠા-૩૮૫૪૧૦
M.: 78019 00180
97731 80114


પ્રતિ,                                                            તા.૨૧/૧૦/૨૦૨૪

ભૂપેન્દ્રભાઈ પટેલ,

માન.મુખ્યમંત્રીશ્રી,

ગુજરાત રાજ્ય.

**વિષય: અમો અને અમારા પરિવારજનોની જાન માલની સુરક્ષા બાબતે.**

સવિનય જણાવવાનું કે, આપ જાણો છો એમ ગુજરાતમાં દલીતોને સરકારી પડતર અને ટોચ મર્યાદા ધારા તળે ફાળવેલી ૨૦ હજાર વીઘા જમીનોમાં અસામાજિક તત્વો અને માથા ભારે ગુંડોઓના ગેરકાયદે દબાણો છે. આ મુદ્દે હું સતત તમારી સરકારમાં વિવિધ સ્તરે રજૂઆતો કરતો રહ્યો છું. અમારી આ રજૂઆતોને પગલે તાજેતરમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં બેલા અને નંદા ગામે દલિતોને ફાળવવામાં આવેલી જમીનોમાં માથા ભારે તત્વોનું ગેર કાયદે દબાણ હોવાની કચ્છ જિલ્લાના મહેસૂલી તંત્ર દ્વારા સ્થળ ખરાઈને અંતે કબૂલાત કરવામાં આવી. પરંતુ, આ દબાણ કરનારા વિરૂદ્ધ SP ગાંધીધામ અને IG ચિરાગ કોરડીયા કોઈ લેન્ડ ગ્રેબિંગ કે Atrocities act હેઠળ ગુનો દાખલ કરવા માંગતા નથી અને જમીન ફાળવણીના લાભાર્થી દલિતો ઉપર જીવલેણ હુમલો ન થાય એ સુનિશ્ચિત કરવા કોઈ અટકાયતી પગલાં પણ ભરવા માંગતા નથી. મતલબ કે આ બંને અધિકારીઓ જાણે દલિતો ઉપર કોઈ હિંસક હુમલો થાય એની રાહ જોઉ બેઠા હોય એવું એમનું વલણ છે.

# જીજ્ઞેશ મેવાણી
ધારાસભ્ય, ૧૧-વડગામ

**JIGNESH MEVANI**
**MLA, 11-VADGAM**

વિધાનસભા
सत्यमेव जयते
ગુજરાત

મણિભદ્ર કોમ્પલેક્ષ,
રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં,
કોલેજ રોડ, વડગામ,
જી.: બનાસકાંઠા-૩૮૫૪૧૦
M.: 78019 00180
97731 80114


ઉલ્લેખનિય છે કે, આ બાબતે હું અને કોંગ્રેસ પક્ષના અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા એડીશન ડી.જી. IPS રાજ કુમાર પાંડિયનને મળવા ૧૫ ઓકટોબરના રોજ બપોરે ૧૨:30ની આસપાસ ગયેલા.

પરંતુ, આ ઘમંડી અધિકારી એ અમો સાથે જે બેહદું વર્તન કરેલ એની વિગતવાર ફરિયાદ અમો એ વિધાનસભાના અધ્યક્ષ માન.શંકરભાઈ ચૌધરીને આપેલ, જેની નકલ આ સાથે સામેલ છે.

આ અધિકારી IPS રાજ કુમાર પાંડિયન અગાઉ એન્કાઉન્ટરના એક કેસમાં ૩૦૨ના આરોપી તરીકે ૭ વરસ જેલ કાપી કેસ માંથી ડિસચાર્જ થયેલ છે. એમની સામે અતિ ગંભીર, અતિ સંગીન આરોપો છે. તેઓ મારા અને મારા પરિવારના અને ટીમના નજીકના સાથીઓના જાન માલને ગંભીર નુકશાન પહોંચાડે એમ છે અને અમારું એન્કાઉન્ટર કે હત્યા પણ કરવી શકે એમ છે. આથી આપ આ પત્રની નોંધ લઈ અમારી સુરક્ષા બાબતે તેમજ IPS પાંડિયનને નોકરીમાંથી ડિસમિસ કરી દેવા બાબતે જે પણ કરવા યોગ્ય કામગીરી હોય તે તાબડતોબ કરશો એવી મારીનમ્ર વિનંતી છે. IPS રાજ કુમાર પાંડિયનને નોકરીમાં એક ક્ષણ પણ રહેવાનો અધિકાર નથી.

Jignesh


**જીગ્નેશ મેવાણી**
ધારાસભ્ય, ૧૧-વડગામ
મણીભદ્ર કોમ્પલેક્ષ,
રીલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં,
વડગામ - ૩૮૫૪૧૦ બનાસકાંઠા
મો: ૭૮૦૧૯૦૦૧૮૦